DIVYA BHASKAR



### પ્રાઇમરી માર્કેટમાં રોનક : જૂન-13 બાદ શરૂ થયેલો ટ્રેન્ડ

# આઇનોક્સ વિન્ડમાં બખ્ખાં લિસ્ટિંગમાં 35%નો ઉછાળો

ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ

વિન્ડ એનર્જી કંપની આઇનોક્સ વિન્ડએ મૂડી બજારમાં ધમાકેદાર પ્રવેશ કરતા પ્રાઇમરી માર્કેટમાં જોશ આવ્યો છે. આઇનોક્સ વિન્ડના ઇશ્યુ પ્રાઇસ રૂ.325 થી 35.5 ટકા ઉછળી રૂ.400ના આંકને વટાવ્યો હતો. કે જે બીએસઇમાં 23 ટકાનો નફો દર્શાવે છે. જ્યારે NSE પર 35.55 ટકાના ઉછાળા સાથે રૂ.440.55 પર બંધ રહ્યો હતો. BSE માં વધીને રૂ.447.80 સુધી ગયો હતો. ટ્રેડિંગ દરમિયાન તે રૂ.399.15 જોવા મળ્યો હતો. રૂ.438 પર બંધ રહ્યો હતો. કંપનીની માર્કેટ વેલ્યુએશન 9720 કરોડ છે. IPO 18 ગણો છલકાયો હતો.વોલ્યુમની દ્રષ્ટીએ બીએસઇ ખાતે કંપનીના 113 લાખ શેર્સ છે. જ્યારે એનએસઇ પર 3 કરોડ શેર્સનું ટ્રેડિંગ થયું હતું. IPOને સારો પ્રતિસાદ મળ્યો છે. તદ્ઉપરાંત ઇશ્યુનું પ્રાઇઝીંગ પણ સચોટ રહેતા સ્ટોક માર્કેટમાં શેર્સની ખરીદી વધી હતી. તેવુ ઇક્વિટી સ્ટોક આશીકા સ્ટોક બ્રોકીંગ લિ.ના વી.પી.એ જણાવ્યું હતું.

### VRL નવા વાહનો ખરીદશે

VRL લોજીસ્ટીક્સ IPO દ્વારા મૂડી એકત્ર કરીને રૂ.117 કરોડ માંથી રૂ.67 કરોડ વાહનો ખરીદશે, રૂ.28 કરોડ દેવાના રિપેમેન્ટ અને અન્ય કોર્પોરેટ હેતુ માટે વાપરશે.